**ક્રિમીનલ પરચુરણ અરજી (જામીન) નંબર ૧૮૪ /૨૦૨૬**
**ધ્રાંગધ્રા તાલુકા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧ ૧૦૧૬ ૨૬ ૦૩૨૯/૨૦૨૬, ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ–૩૦૩ (૨),૩૨૯(૩),૫૪ મુજબના ગુના સબબ આરોપી – ભરતભાઈ જાદવજીભાઈ પાડલીયાનાઓની જામીન અરજી અન્વયે હુકમ.**

---

(૧) આ કામે જામીન અરજી સંદર્ભે આરોપી તરફે વિ.વ.શ્રી એ.એ.ઝેઝરીયાને તથા ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી શ્રીમાળીને સાંભળ્યા. ફરીયાદ હકીકત વંચાણે લીધી.

(૨) આરોપી તરફે વિ.વ.શ્રીએ રજુઆત કરતા જણાવેલ છે કે, હાલના ગુનાના કામે આરોપીને ખોટી રીતે સંડોવી દીધેલ છે, આરોપી કયાંય નાશી ભાગી જાય તેમ નથી, હાલનુ કામ ચાલતા લાંબો સમય લાગે તેમ છે, આરોપી ઉપર પોતાના પરીવારની જવાબદારી રહેલી છે, જામીન એ નીયમ છે જેલ એ અપવાદ છે, નામદાર કોર્ટ જે કંઈ શરતો ફરમાવશે તેનુ પાલન કરવાની ખાત્રી આપીએ છીએ. આથી યોગ્ય રકમના જામની પર મુકત કરવા વિનંતી છે.

(૩) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ હાલની જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરેલી છે કે, આ કામે તારીખ ૨૧/૦૫/૨૦૨૬ ના કલાક ૨૩–૪૫ વાગ્યાના સુમારે મોજે ગામ મોટી માલવણ તા.ધ્રાંગધ્રા ખાતે આવેલ એનેસી. સોલાર પ્રા. લી. કંપનીમાં ગુન્હાહીત અપ પ્રવેશ કરી કંપનીમાં આવેલ કુલ ૨૩ સોલાર પ્લેટો જે એક પ્લેટની કિં. રૂ. ૯૫૦૪/– લેખે ૨૩ સોલાર પ્લેટોની કિં. રૂ. ૨,૧૮,૫૯૨ ની ચોરી થયેલી જે ચોરાયેલ મુદામાલ અન્ય આરોપીઓ ચોરી કરી હાલના આરોપીના ઘરમાં રાખેલ જે ચોરીનો મુદામાલ હોવા છતાં આરોપીએ પોતાના ઘરમાં રાખી એકબીજા આરોપીની મદદગારી કરી ગુન્હો કરેલો છે. તપાસ દરમ્યાન હાલના આરોપી પાસેથી મુદ્દામાલ રીકવર કરવામાં આવેલ છે. આ ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ જોતા તથા સદરહુ કામે હાલ તપાસ ચાલુ છે, વિગેરે હકીકતો જણાવી હાલના તબકકે આરોપીની જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

(૪) પક્ષકારોની રજુઆતો ધ્યાને લીધી. ફરીયાદ વંચાણે લીધી. ફરીયાદ હકીકત મુજબ આ કામે હાલના આરોપીએ અગાઉ પકડાયેલ આરોપી સાથે મળી તારીખ તારીખ ૨૧/૦૫/૨૦૨૬ ના કલાક ૨૩–૪૫ વાગ્યાના સુમારે મોજે ગામ મોટી માલવણ

તા.ધ્રાંગધ્રા ખાતે આવેલ એનેસી. સોલાર પ્રા. લી. કંપનીમાં ગુન્હાહીત અપ પ્રવેશ કરી કંપનીમાં આવેલ કુલ ૨૩ સોલાર પ્લેટો જે એક પ્લેટની કિં. રૂ. ૯૫૦૪/– લેખે ૨૩ સોલાર પ્લેટોની કિં. રૂ. ૨,૧૮,૫૯૨ ની ચોરી થયેલી જે ચોરાયેલ મુદામાલ અન્ય આરોપીઓ ચોરી કરી હાલના આરોપીના ઘરમાં રાખેલ જે ચોરીનો મુદામાલ હોવા છતાં આરોપીએ પોતાના ઘરમાં રાખી એકબીજા આરોપીની મદદગારી કરી ગુન્હો કરેલ હોવાનો આક્ષેપ રહેલો છે. હાલના કામે મુદામાલ રીકવર થઈ ગયેલ છે. આરોપી સામેનો હાલનો ગુન્હો ૩ વર્ષ સુધીની કેદની અથવા દંડ અથવા બંને સજાને પાત્ર ગુન્હો છે તેમજ અત્રેની અદાલતને સદર કેશ ચલાવવાની સત્તા રહેલી છે. જામીન એ નીયમ છે જેલ એ અપવાદ છે, આરોપી ઉપરોકત અરજીમાં જણાવેલ સરનામાના રહીશ છે, કયાંય નાશી ભાગી જાય તેમ નથી અને નામદાર કોર્ટ ધ્વારા જે કોઈ શરતો ફરમાવવામા આવશે તેનુ પાલન કરવાની ખાત્રી આપેલ છે. આ કામે ગુનાની ગંભીરતા, સજાની જોગવાઈ તથા કેસની હકીકતો ધ્યાને લેતા આરોપીઓને જામીન ઉપર મુકત કરવા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની–૨૦૨૩ની કલમ–૪૮૦ (૧) મુજબ ન્યાયી અને યોગ્ય કારણ ઉપસ્થિત થયેલ છે. વળી ફરીયાદ પક્ષ ધ્વારા વ્યકત કરવામા આવેલ દહેશતને ધ્યાને લેતા ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની–૨૦૨૩ની કલમ–૪૮૦(૩) મુજબ શરતો લાદવાથી ન્યાયનો હેતુ જળવાશે તેમજ આરોપીઓ તમામ શરતોનુ પાલન કરવાની અને હાજર રહેવાની બાંહેધરી આપતા હોય ત્યારે યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામા આવે તો તે ન્યાયી અને વ્યાજબી જણાતુ હોય ન્યાયના વિશાળ હિતમા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આરોપીની હાલની જામીન અરજી આથી નીચેની શરતોને આધીન મંજુર કરવામાં આવે છે. આ કામના આરોપીને તેમની સામેના હાલના ગુનાના કામમા રૂા. ૨૦,૦૦૦/– અંકે રૂપિયા વીસ હજાર પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ઉપર નીચેની શરતોને આધીન જામીન મુકત કરવામાં આવે છે.

**<u>:: શરતો ::</u>**

(૧) આરોપીએ આવો કે આવા પ્રકારનો ગુનો ભવિષ્યમા કરવો નહી.

(૨) આરોપીએ ફરીયાદ પક્ષના કેસને નુકશાન થાય તેવુ કોઈ કૃત્ય કરવુ–કરાવવુ નહી.

(૩) આરોપીએ તપાસમાં સહકાર આપવો.

(૪) આરોપીએ ચાર્જશીટ આવતા સુધી આ અદાલતની લેખિતમાં મેળવેલ પુર્વ પરવાનગી વગર ભારત દેશી હદ છોડવી નહી.

(૫) આરોપીએ ફરીયાદ પક્ષના સાક્ષીઓને ધાક ધમકી કે પ્રલોભન આપવુ–અપાવવુ નહી.

(૬) આરોપીએ તથા તેઓના જામીનદારે પોતાનુ કાયમી તથા હંગામી સરનામું ફોન નંબર સાથે અલાયદા પુરસીસથી જાહેર કરવુ અને તેમા ફેરફાર થયેથી વિના વિલંબે અત્રેની કોર્ટને જાણ કરવી.

(૭) આરોપીએ ચાર્જશીટ દાખલ થતા સુધી દર માસની ૧ થી ૫ તારીખ દરમ્યાન સવારના ૯.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધીમા કોઈપણ એક દિવસે જે તે પોલીસ સ્ટેશનમા હાજરી પુરાવવી, પોલીસે આ અંગેનુ રેકર્ડ નીભાવવાનુ રહેશે.

હુકમ આજ તા.૨૫ મી, માહે. : મે, સને–૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ધ્રાંગધ્રા.
તારીખ : ૨૫/૦૫/૨૦૨૬.

(પ્રમોદ ચીમનભાઈ રોહિત)
એડી.ચીફ.જ્યુડી મેજી.
ધ્રાંગધ્રા. Code No. GJ01284